**૧૦/૮/૨૨ : રક્ષાબંધનની ઉજવણીઃ** રક્ષાબંધન એટલે ભાઇ-બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર શાળામાં બહેનોએ -ભાઇઓના કપાળે કુમકુમ તિલક કરી રક્ષા બાંધી ભાઇ-બહેનના નિર્મળ પ્રેમને વહાવ્યો હતો. કેટલાંક વિદ્યાર્થીઓએ આ પર્વનું મહત્વ રજૂ કર્યુ હતું. કન્વીનરઃ હિનાબેન ભાવસાર



**જન્માષ્ટમી ની ઉજવણીઃ** શ્રીકૃષ્ણના જીવનચરિત્રને વકતવ્ય, નૃત્યનાટિકા, ભજન, ગરબા દ્વારા જન્માષ્ટમીની શાનદાર ઉજવણી કરાવવામાં આવી. શાળામાં ભકિતમય વાતાવરણ સજાર્યું. કન્વી. : કંચનબેન પરમાર





**૨૫/૮/૨૨ : NCSC** પ્રોજેકટ અંતર્ગત **શ્રી નિલેશભાઇ ઉપાધ્યાય** (પ્રા. સત્યમ બી.એડ. કોલેજ) દ્વારા વિદ્યાર્થીઓને સંશોધનનું કાર્ય કેવી રીતે કરવું? તેની ઉદાહરણ સહિત પ્રાયોગિક સમજ આપવામાં આવી. વિદ્યાર્થીઓને આગળ વધવા, વિજ્ઞાનમાં ઊંડો રસ કેળવવા પ્રોત્સાહિત કર્યા. શાળામાંથી ૧૦૧ જેટલાં વિજ્ઞાનના અવનવા સંશોધનાત્મક પ્રોજેકટો હાથ ધરાયાં. કન્વી. : દિવ્યાબેન ભટ્ટ, હિનાબેન ભાવસાર

**૩૧/૮/૨૨ : ગણેશોત્સવની ઉજવણીઃ** મનુષ્ય જીવનમાં આવનારા પારંપરિક તહેવારોથી જીવન રસમય અને ઉલ્લાસમય બને છે.શાળાના વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિકતાનો, લીડરશીપનો ગુણ કેળવાય તે માટે ગણેશજીની પ્રતિમાની સ્થાપના કરી દસ દિવસ પૂજા અર્ચના કરી ગણેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. -કન્વીનર શિક્ષકઃ જિજ્ઞેશભાઇ જોષી

**૨/૯/૨૨ : તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહઃ** વર્ષ ૨૦૨૧-૨૨ વાર્ષિક પરીક્ષામાં પ્રથમ, દ્વીતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો.



**૪/૯/૨૨ : ચેસ સ્પર્ધાઃ** નારાયણ વિદ્યાલયમાં ભરૂચ જિલ્લાની ચેસ ટુર્નામેન્ટ યોજાઇ. જેમાં કુલ ૩૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. જેમાં **શ્રી સંજયભાઇ તલાટી** (સંકલ્પ ફાઉન્ડેશન પ્રમુખશ્રી), **શ્રી કિરીટભાઇ પટેલ** (ભરૂચ ડીસ્ટ્રીકટ ચેસ એસોશિયેશન, સેક્રેટરી), **શ્રી અલ્પેશભાઇ જાદવ** (નેશનલ ચેસ આર્બિટર), **શ્રી ગિરીશભાઇ પટેલ, શ્રી મહેશભાઇ જોષી, શ્રી ધર્મેશભાઇ મોદી, શ્રી કિરીટભાઇ કાસદાવાલા** વગેરે મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

**૫/૯/૨૨ શિક્ષક દિન નિમિત્તે શાળામાં વકતૃત્વ સ્પર્ધા યોજાઇ.** વિષયઃ (૧) વિદ્યાર્થી જીવનમાં શિક્ષકનું મહત્વ, (૨) ડૉ. સર્વોપલ્લી રાધાકૃષ્ણન (૩) શિક્ષક રાષ્ટ્રનો ઘડવૈયો. વિજેતાઃ પ્રથમ- પટેલ ધરા કેતનકુમાર (૬અ), દ્વિતીય- રાઠોડ જયવીરસિંહ વિક્રમસિંહ (૭બ), તૃતીય- ભટ્ટ હેતલ મુકેશભાઇ (૭અ)

**૭/૯/૨૨ મા.શ્રી આઇ. જી. શેખ સાહેબ**નું પ્રેરણાદાયી પ્રવચનઃ શ્રી આઇ. જી. શેખ સાહેબે (એન્ટી ટેરેરિસ્ટ સુપ્રિટેન્ડન્ટ, પોલીસ વડા) પોતાના જીવનનાં સઘર્ષપૂર્ણ પ્રસંગોને વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કર્યા.



**શ્રી ધર્મેશભાઇ સોલંકી** કોરોના કાળમાં ભરૂચ સ્મશાનગૃહમાં દરેક મૃતકોને લાવવાના અને અગ્નિસંસ્કાર કરાવવા જેવી કપરી કામગીરી બજાવી પ્રસંશનીય સેવા આપી છે તેવા શ્રી ધર્મેશભાઇ સોલંકી સાથે વાર્તાલાપ યોજાયો.

**૧૧/૯/૨૨** સમન્વય ચેરિટેબલ ટ્રસ્ટ અને હિન્દુ જન જાગરણ મંચ, ભરૂચ દ્વારા આયોજિત <u>**“સાયબર સેફ ગર્લ”**</u> જાગૃતિ કાર્યક્રમમાં આંબેડકર ભવન ખાતે યોજાયો. શાળાના શિક્ષકો પ્રજ્ઞાબેન, કંચનબેન, ઉપસ્થિત રહ્યાં હતાં.



**૭/૧૦/૨૨** વાલી મિટીંગ: પ્રથમ કસોટીના પરિણામને આધારે A,B,C,D,E,F,G ગ્રુપમાં વિદ્યાર્થીને મેરિટના આધારે વર્ગીકૃત કરી તેમના રીઝલ્ટ, અભ્યાસની ચર્ચા કરવામાં આવી જે તે વિષયની અભ્યાસની નબળાઇને કઇ રીતે દૂર કરી પરિણામ સુધારી શકાય તેની વિદ્યાર્થી, વાલીશ્રી સાથે ચર્ચા કરવામાં આવી.

**૮,૯/૧૦/૨૨ જ્ઞાનસત્ર** આ બે દિવસ ૬૮ શિક્ષકોએ અલગ-અલગ ૪૫-વિષયો પર “નારાયણ વિદ્યાલય આવનારા ૧૦ વર્ષમાં સમાજ અને રાષ્ટ્રને કેવા વિદ્યાર્થીઓ પ્રદાન કરશે?” એ વિષયના અનુસંધાને પ્રેઝેન્ટેશન રજૂ કર્યુ.
**૧૫/૧૦/૨૨ ચેસ ટુર્નામેન્ટ:** ઇન્ટરનેશનલ ચેસ પ્લેયર પારેખ રોહિત સાહેબ દ્વારા ધો- ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ વચ્ચે આંતર કલાસીસ ચેસ ટુર્નામેન્ટ યોજવામાં આવી. જેમાં ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ: ગાંધી રુદ્રમ હિતેશભાઇ (૭બ), દ્વિતીય: રાઉલજી મનરાજ એમ. (૭-બ) તૃતીય: માછી ભવ્ય એમ. (૭-બ) વિજેતા વિદ્યાર્થીઓને ચેસના નિયમોનું પુસ્તક આપી અભિનંદન પાઠવ્યાં હતાં.
**૧૫/૧૦/૨૨** ધો- ૬ અને ૭ ની કુલ ૧૧ વિદ્યાર્થીનીઓએ કળશ સાથે ભાજપ ગૌરવ યાત્રાનું શકિતનાથ મુકામે સ્વાગત કર્યુ. જેમાં શાળાના શિક્ષિકા બહેનો શ્રીમતી નયનાબેન પટેલ અને શેફાલીબેન ઠાકર ઉપસ્થિત રહ્યાં.

<u>**૩/૧૨/૨૨ ચેસ એન્ડ કેરમ સ્પર્ધા**</u>માં <u>દિલ્હી પબ્લીક સ્કૂલ, પગુથણ, ભરૂચ</u> ખાતે શાળાનાં ગુજરાતી- અંગ્રેજી માધ્યમનાં ધો- ૭થી ૧૨ નાં ૮ વિદ્યાર્થીઓએ જુદી-જુદી કેટેગરીમાં ભાગ લઇ આગળ વધ્યાં હતાં. (ગુ.મા.)- ગાંધી રુદ્ર એચ.(૭-બ) ચોથા ક્રમે વિજેતા, રાણા રેશમ એન. (૧૧-વિ.પ્ર.)- ચોથા ક્રમે વિજેતા, રાણા ઉર્વિત જે. (૧૧-વિ.પ્ર.)- ચોથા ક્રમે વિજેતા, માછી ભવ્ય એમ. (૭-બ), પાલ કપિલ બી. (૯-બ)- ભાગ લીધો.. (અં.મા.)- ગજ્જર મિત એચ. (૧૨-કોમર્સ), જાદવ પ્રિયાંક એ. (૧૨-કોમર્સ), પરમાર કૌશિક બી. (૧૨- કોમર્સ)- ભાગ લીધો.






## <u>શાળા કક્ષાએ હર ઘર તિરંગા વિવિધ સ્પર્ધાઓ યોજાઇ.</u>

| વિષય: તિરંગાનું મહત્વ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **તારીખ** | **સ્પર્ધાનું નામ** | **પ્રથમ** | **દ્વિતીય** | **તૃતીય** | **ક.શિ./ નિર્ણાયક** |
| ૧ | ૨/૮/૨૨ | વકતૃત્વ | પટેલ ધરા કેતનકુમાર (૬અ) | કાયસ્થ ધ્રુવિ રાકેશભાઇ (૬બ) પીઠવા ધ્રુવિ હિતેશભાઇ (૬બ) | ઠકકર વિધી દર્શનકુમાર (૬બ) જાદવ હર્ષ પરેશભાઇ (૬બ) | શેફાલીબેન ઠાકર |
| ૨ | ૩/૮/૨૨ | નિબંધ લેખન | લિમ્બચીયા નિયતી (૮બ) | કેરવાડાવાલા ધ્રુવિ (૮ અ) અલ્પેશભાઇ | વસાવા મૈત્રી અશ્વિનભાઇ (૮બ) | જિજ્ઞેશભાઇ જોષી |
| ૩ | ૫/૮/૨૨ | તિરંગા ગાન | માછી આયુષી મેહુલભાઇ (૮અ) | વસાવા મૈત્રી અશ્વિનભાઇ (૮બ) | ટંડેલ પ્રિયાંશી જયેશભાઇ (૮બ) | જિજ્ઞેશભાઇ જોષી |
| ૪ | ૧૨/૮/૨૨ | વર્ગ સુશોભન  | ૮-અ, ૭-બ, ૬-અ  |  |  | અરવિંદભાઇ પરમાર |